બાળગ્રંથાવળી :: પ્રથમ શ્રેણી :: ૬

મહાત્મા દૃઢપ્રહારી

લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ

:: બાળગ્રંથાવળી કાર્યાલય, અમદાવાદ ::

બાળ ગ્રન્થાવળી : પ્રથમ શ્રેણી : ૬

મહાત્મા દૃઢપ્રહારી

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

આવૃત્તિ ત્રીજી : કુલ નકલ ૩૪૫૦ : સં. ૧૯૮૭

મૂલ્ય સવાઆનો.

: : પ્રકાશક : :

ધીરજલાલ ટોકરશી શાહ

ચિત્રકાર, બુકસેલર એન્ડ પબ્લીશર

રાયપુર હવેલીની પોળ : અમદાવાદ

આ પુસ્તક મુંબઇ ઈલાકા કેળવણી
ખાતા તથા વડોદરા રાજ્ય કેળવણી
ખાતા તરફથી ઈનામ લાયબ્રેરી માટે
: : : મંજુર થયું છે. : : :

ધી 'સૂર્યપ્રકાશ' પ્રીન્ટીંગ પ્રેસમાં
મૂળચંદભાઈ ત્રિકમલાલે છાપ્યું.
પાનકોર નાકા—અમદાવાદ.

મહાત્મા દૃઢપ્રહારી.

: ૧ :

બ્રાહ્મણનો એક છોકરો. તેનું નામ દુર્ધર. તે બહુજ નઠારો. માબાપનું કહ્યું માને નહિ. જુઠું બોલે. ગોઠીયાને ગાળો દે. વાત વાતમાં કજીઆ કરે. કોઈની વસ્તુ હાથ પડી તો ઉપાડી લે.

તે મોટો થયો. તેની કુટેવો પણ મોટી થઈ. જુગાર રમવાની ટેવ પડી. જુગાર રમતાં પૈસા ખુબ હારે. હંમેશાં પૈસા ક્યાંથી લાવે? એટલે કરવા માંડી ચોરી. ચાલાક બહુ એટલે ચોરીમાં ફાવ્યો. મોટી મોટી ચોરીઓ કરે પણ પડકાય નહિ.

ગામમાં તેના જુલમની હદ નહિ. તેને ડાહ્યા માણસોએ શિખામણ દીધી: ભાઈ! નઠારી ટેવો કાઢી નાંખ. એનાથી તને શું

ફાયદો છે ? તારી બુદ્ધિ સારા રસ્તે વાપરીશ તો આગળ વધીશ, તારૂં કલ્યાણ થશે, માણસો પણ તને વખાણશે. પણ શિખામણ કોણ સાંભળે ? એક કાને સાંભળે અને બીજા કાને બહાર કાઢે.

ચોરી કરતાં ગોઠિયા મળ્યા બધા બદમાશ. એટલે તે ખુબ બગડયો. દારૂ પીએ, માંસ ખાય, રંડીબાજી કરે.

લોકોને તેનાથી ખુબ ત્રાસ થયો. રાજાને તેની જાણ થઇ. એટલે હુકમ કર્યો: એ દુષ્ટને અવળે ગધેડે બેસાડો, માથે કરાવો મુંડો, તેના પર ચોપડો ચુનો, મોઢે ચોપડો મેશ. ગળામાં નાંખો ખાસડાનો હાર, અને વગાડો ખોખરાં હાંડલાં. પછી આખા ગામમાં ફેરવી કાઢી મુકો બહાર.

રાજાના હુકમનો અમલ થયો. દુર્ધરનો વરઘોડો નીકળ્યો. સાથે ડાંડી પીટાણી: જે કોઈ દુર્ધરના જેવું કરશે તેને આવું ફળ મળશે. લોકોએ તેના ઉપર ધિક્કાર

વરસાવ્યો. ભૂંડા હાલે ગામ બહાર કાઢી મૂક્યો. નઠારાની આ હાલત થાય.

આથી દુર્ધર બળ્યો દાઝે. મનમાં વાળી ગાંઠ. આ ગામનું વેર વાળું તોજ ખરો. વેર લેવાના વિચારમાં આગળ ચાલ્યો.

: ૨ :

ચાલતાં ચાલતાં આવ્યો ડુંગરી મુલકમાં. ત્યાં પર્વતની મોટી ખીણ. ઘણી ઉંડી, ઘણી વિકરાળ. કાચાપોચાની તાકાત નહિ કે ત્યાં ડગલું ભરે. પણ દુર્ધરની છાતી બહુ મજબૂત એટલે ચાલ્યો આગળ.

ઝાડી વધવા લાગી. તેમાં અનેક જાતનાં ઝાડ. અનેક જાતના વેલા. વેલા ઝાડે વીંટળાય ને પાંજરા બનાવે. નીચે ઉગેલું ઘાસ. માથોડું, માથોડું. રસ્તો કોઈક ઠેકાણે ઉંચો કોઇક ઠેકાણે નીચો. દુર્ધર આવો રસ્તો વટાવી આગળ ચાલ્યો.

રસ્તો એથી પણ ભયંકર આવ્યો. મોટા મોટા ખડકો આવ્યા. ધોધમાર ઝરણાં

આવ્યાં. મહામહેનતે પસાર કર્યાં. ત્યાં ઝાડી કહે મારૂં કામ, સુરજનારાયણ પ્રકાશે. પણ અહીં અંધારૂં ઘોર. ચાલતાં ચાલતાં સાંજ પડી.

દુર્ધર એક ઝાડ પર ચઢયો. રાત ત્યાંજ ગાળવા વિચાર કર્યો. થોડી વારમાંજ જંગલી જનાવરોના અવાજ સંભળાયા. ઘડીકમાં સિંહની ગર્જના તો ઘડીકમાં વાઘની ત્રાડ. ઘડીકમાં શિયાળવાની કિકિયારી તો ઘડીકમાં ચિત્તાનો અવાજ. આખી રાત જંગલી પશુ આવ્યા ને ગયા. દુર્ધરે એમને જોતાં જોતાં રાત પસાર કરી.

વ્હાણું વાયું. જંગલી જાનવરો પોતપોતાની બોડમાં ભરાયા. પંખીઓ ઝાડ પર ગીત ગાવા લાગ્યા. એટલે દુર્ધર નીચે ઉતર્યો. આગળ ચાલવા લાગ્યો.

થોડીવારમાં ભીલનાં ઝુંપડાં દેખાયાં. દુર્ધરને ખુબ આનંદ થયો. તે અહીં આવવાજ નીકળ્યો હતો. જયાં થોડું ચાલે છે ત્યાં આવ્યા

કેટલાક ભીલ. રંગે કાળા ભૂત. કપડામાં એક લંગોટી ને હાથમાં તીરકામઠાં. તેમણે દુર્ધરને પકડયો. લઈ ચાલ્યા રાજા પાસે.

થોડું ચાલતાં એક અંધારી ગુફા આવી. ત્યાં ભીલોનું ટાળું બેઠેલું. તેમણે આ દુર્ધરને જોયો. એટલે રાજી થયા. માંહી માંહી વાતો કરવા લાગ્યાઃ આ નવલોહિયો જુવાન છે. માતાને ભોગ દેવામાં કામ આવશે.

પેલા ભીલો દુર્ધરને લઈ ગુફામાં પેઠા. અંધારામાં ચાલવા લાગ્યા. થોડીવારમાં અજવાળા વાળી જગા આવી. ત્યાં એક લઠ ભીલ બેઠેલો. જાણે જમનોજ અવતાર. તેની પાસે એક સ્રી બેઠેલી. તે પણ ખુબ કદાવર. તેણે શરીરે એકજ કપડું પહેરેલું. ગળામાં ને હાથમાં પત્થરનાં તથા રૂપાનાં ઘરેણાં. આ બંને ભીલનાં રાજારાણી.

રાજાએ દુર્ધરને જોયો. ને લક્ષણથી પારખ્યો કે આ ચોરીમાં ખુબ હોંશિયાર છે. એટલે ખુબ કામનો છે. તેણે પૂછ્યુંઃ કેમ !

તારો શું વિચાર છે? દુર્ધરે કહ્યું: આપની સાથે રહેવું ને આપનો ધંધો કરવો. ભીલ રાજાએ રાજી થઇને તેને પોતાની પાસે રાખ્યો.

દુર્ધર ધીરે ધીરે સહુને વ્હાલો થયો. એટલે ભીલ રાજાએ તેને પુત્ર બનાવ્યો અને પોતાની બધી મિલકત સોંપી.

દુર્ધર મોટી મોટી ચોરીઓ કરે. તેમાં કોઇએ સામું થાય તો માર્યું જાય. તેનો પ્રહાર કદીયે ખાલી ન જાય. એટલે નામ પડયું દૃઢપ્રહારી.

: ૩ :

એક વખત મોટી ધાડ લીધી. ગયો કુશસ્થળ નગર લુંટવા. ત્યાં એક બ્રાહ્મણનું કુટુંબ. બિચારૂં ખુબ ગરીબ. ઘરમાં એક દિવસનાં પણ તાકડા નહિ. મુડીમાં એક વસુકેલી ગાય.

તેવામાં આવ્યો તહેવાર. એટલે છોકરાઓએ કર્યાં કજીઓ. "બાપા ! ખીર ખાવી છે." બ્રાહ્મણે તેમને ખુબ સમજાવ્યા. પણ બાળક

શું સમજે ! એટલે તે થોડા ઘેર ફર્યો. દૂધ, ચોખા ને સાકર એકઠાં કર્યાં. તેની રંધાવી ખીર. પછી સ્રીને કહ્યું: ખીર તૈયાર થાય એટલે ઉતારજે. હું નદીએ નાહીને આવું છું. બ્રાહ્મણ ગયો ન્હાવા.

એવામાં દૃઢપ્રહારીની ધાડ આવી. લોકો ત્રાસ પામ્યા. નાસવા લાગ્યા. બધા ચોરો જુદા જુદા ઠેકાણે લૂંટવા લાગ્યા. એમાં એક ચોર બ્રાહ્મણને ઘેર આવ્યો. ત્યાં લૂંટવાનું શું મળે ? એવામાં બરાબર તૈયાર થયેલી ખીર જોઇ.

ચોરે ખીર ઉપાડી. છોકરા કકળવા લાગ્યા. એવામાં આવ્યો બ્રાહ્મણ. જુએ તો ચોરે ખીર ઉપાડેલી ને છોકરાં ઉભાં કકળે. એથી તેને ચડયો ખુબ ક્રોધ. એટલે હાથમાં લીધી ભોગળ (કમાડ આડી દેવાની) ને મારવા દોડયો. થઈ મારામારી.

આ બંને મારામારી કરે છે ત્યાં આવ્યો દૃઢપ્રહારી. તેણે મારી તરવાર કે બ્રાહ્મણનું માથું જુદું. છોકરાઓએ ચીસ પાડી. સ્રી ઉભી થરથરવા લાગી. ફળીમાં બાંધેલી ગાય. તેનાથી આ

ન ખમાયું એટલે આવી ઉપરાંટે. પૂંછડું કર્યું ઉંચું ને મારી દોટ. સીધી દૃઢપ્રહારી સામે.

પણ દૃઢપ્રહારી વજ્ર છાતીનો. બીકને જીંદગીમાં પણ નહિ ઓળખેલી. આવી ગાયથી તે શું બીએ ! ગાય પાસે આવતાંજ કર્યો તરવારનો ઘા. એટલે ગાયનું માથું જુદું !

સ્ત્રીથી આ જોયું ન ગયું. ગાળોનો વરસાદ વરસાવવા લાગી. ધમપછાડા કરતી સામી દોડી. બિચારીને શું ખબર કે તેનું પણ મોત હશે ! દૃઢપ્રહારીને સ્ત્રી પર ખુબ ગુસ્સો થયો. એટલે તેના પર પણ ઘા કર્યો. વાગ્યો બરાબર પેટ પર. ગર્ભવતી સ્ત્રી ઢગલો થઈ હેઠી પડી. સ્ત્રી ને બાળક બંને ઠાર !

: ૪ :

જ્યાં આ હત્યા થઇ ત્યાં દૃઢપ્રહારીને અરેકારો થયો. " અરે ! મારા હાથે ચાર હત્યા ! અને તે પણ મોટામાં મોટી ? બ્રહ્મહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા ને બાળહત્યા ? અરરરર ! મેં શું કામ કર્યું ! ધિક્કાર મને ! "

તે લૂંટ પૂરી કરી નગર બહાર નીકળ્યો. પણ પેલી હત્યાઓ નજર આગળ તર્યાજ કરે. તેનું હૃદય ખુબ વલોવાયું. જમ જેવો દૃઢપ્રહારી ઢંડોગાર બની ગયો.

ચાલતાં ચાલતાં વનમાં આવ્યો. ત્યાં જોયા એક સાધુ મુનિરાજ. તે સમતાનો ભંડાર, પ્રેમની મૂર્તિ. એમને જોતાંજ દૃઢપ્રહારીનું હૈયું ભરાઈ આવ્યું. તેમના ચરણમાં પડી ધ્રુશકે ને ધ્રુશકે રોવા લાગ્યો.

મુનિ બોલ્યાઃ હે મહાનુભાવ ! શાંત થા. આટલો શોક શેનો છે ? દૃઢપ્રહારી બોલ્યોઃ પ્રભો ! હું મહાપાપી છું. મારે માટે જગત્માં સ્થાન નથી. મુનિ કહે, ભાઇ ! નિરાશ ન થા. પાપીમાં પાપીને માટે પણ આ જગતમાં સ્થાન છે. કરેલી ભૂલો સંભારી રોદણાં ન રો. શાંતિથી તારા જીવનનો વિચાર કર. અને તેનો અમલ કરવા લાગી જા.

દૃઢપ્રહારી કહે, પ્રભો ! હું મહાપાપી છું. મારા હાથે આજે ચાર હત્યાઓ થઇ છે. કેવળ નજીવા કારણ માટે. હવે મારૂં શું થાય ? મુનિ કહે, ભાઈ ! ગભરા નહિ. સાધુજીવનની દીક્ષા લે. સંયમ અને તપનું આરાધન કર. જરૂર તારૂં કલ્યાણ થશે.

દૃઢપ્રહારીએ ત્યાં દીક્ષા લીધી. અને તેજ વખતે નિશ્ચય કર્યો: જ્યાં સુધી આ ચાર હત્યા યાદ આવે ત્યાં સુધી અન્ન કે પાણી લેવાં નહિ. દૃઢપ્રહારી શયતાન મટી સંત થયા.

હવે દૃઢપ્રહારી ધ્યાન ધરીને ઉભા. તેજ નગરના દરવાજે. લોકો આવે જાય ને વાતો કરે: એ મહાદુષ્ટ છે. ભુંડા કામનો કરનાર છે. મારો ! એ હત્યારાને. એમ કહી ઇંટ પથરા ફેંકે. કોઇ લાકડીના માર મારે. પણ દૃઢપ્રહારી શાંત ચિત્તે બધું સહન કરે.

એમ કરતાં ગળા સુધી ઇંટ પત્થરનો ઢગલો થયો. શ્વાસ પણ રૂંધાવા લાગ્યો. એટલે દૃઢપ્રહારીએ ધ્યાન પૂરૂં કર્યું. બીજા દરવાજે જઈને ધ્યાન ધર્યું. એ પ્રમાણે છ માસ સુધી સહન કર્યું. પણ પોતાના નિશ્ચયથી જરા પણ ડગ્યા નહિ.

તેમના હૃદયમાં ક્ષમા વધતીજ ગઈ. પ્રેમ ઉભરાતો ગયો. અને તે છેલ્લી હદે પહોંચતાં પૂરા પવિત્ર થયા.

: ૫ :

લોકો સમજ્યા કે દૃઢપ્રહારી શયતાન નથી. પણ સાચા સંત છે. એટલે તેમના ચરણમાં પડયા. તેમના બધા દોષો વિસરી ગયા.

હવે મહાત્મા દૃઢપ્રહારી એક ઠેકાણેથી બીજા ઠેકાણે ફરવા લાગ્યા. તેમણે ઘણા લોકોને ઉપ-

દેશ દીધો. ઘણાના જીવન સુધાર્યા. અને છેવટે નિર્વાણ પામ્યા.

ધન્ય છે સહનશીલ દૃઢપ્રહારીને !

ધન્ય છે મહાત્મા દૃઢપ્રહારીને !

शिवमस्तु सर्वजगतः ॥

કુદરત અને કળાધામમાં વીસ દિવસ

કોઇ પણ જૈન વાંચ્યા વિના કેમ રહી શકે ?

જૈન કુમારો પગ રસ્તે ચાલીને બધો સરસામાન જાતે ઉપાડીને ગૂજરાતનાં અણખેડયાં ડાંગનાં જંગલો ખેડે છે. સાહસભરી સફર કરતાં સુરગાણા ને શપ્તશૃંગ થઈ નાશિક પહોંચે છે. ત્યાંથી દોલતાબાદ, ઈલુરાની ગુફાઓ તથા અજન્તાની ગુફાઓનાં દર્શન કરે છે. ત્યાંથી મધ્ય હિંદ સુધી પહોંચી ઓંકારેશ્વર, સિદ્ધવર કૂટ ને ધારાક્ષેત્રના જળધોધના જળપાન કરે છે. આ આખાયે પ્રવાસનું દીલચસ્પ વર્ણન કરતું અને અજન્તા–ઇલુરાની ગુફાઓનો વિસ્તૃત પ્રામાણિક હેવાલ આપતું સચિત્ર પુસ્તક બહાર પડી ચૂકયું છે. એનું એક પાનું વાંચવા લેશો કે પુસ્તક પૂરૂં કર્યા વિના નહિ ચાલે. ઉંચા ફેધર વેટ કાગળ; ૨૦૦ પૃષ્ઠ; પ્રવાસનો નકશો તથા બીજાં અગીયાર ચિત્રો; પાકું પુંઠું ને આર્ટ પેપરનું રેપર. કિંમત રૂ. દોઢ. પોસ્ટેજ અલગ. આજેજ મંગાવો.

ઇલુરાનાં ગુફામંદિરો.

જગતભરનાં આ અદ્વિતીય ગુફામંદિરોનો તથા બૌદ્ધ, શૈવ અને જૈનોના ઇતિહાસ તથા મૂર્તિવિધાનનો પૂરેપૂરો ખ્યાલ આપતું સચિત્ર પુસ્તક આજ લેખકના હાથે લખાઈ બહાર બડયું છે. છ ચિત્રો તથા કલામય પુંઠું. પ્રસ્તાવના લેખક શ્રીયુત્ નાનાલાલ ચમનલાલ મહેતા. આઈ સી. એસ. કિંમ્મત આઠ આના. જરૂર મંગાવીને વાંચો.

પ્રભુ મહાવીરની નિર્વાણ ભૂમિ જળમંદિર પાવાપુરીનું અત્યંત સુંદર ત્રિરંગી ચિત્ર ઉંચા આર્ટ પેપર પર છપાઇ અમારા તરફથી બહાર પડયું છે. કિંમત ફકત બે આના.

જળમંદિર પાવાપુરીનું ત્રિરંગી ચિત્ર તથા ભાવવાહી કાવ્ય પણ બીજા સૂચક ચિત્રો સાથે બહાર પડયું છે. કિંમત ફકત બે આના.

ચોથી શ્રેણી

1. જાવડશાહ
2. કોચરશાહ
3. વીર વનરાજ
4. ધન્ય એ ટેક
5. મણિનાં મૂલ
6. કળાધર કોકાશ
7. શુકરાજ
8. જિનમતી
9. રાજર્ષિ કરકંડુ
10. અનંગ સુંદરી
11. નર્મદા સુંદરી
12. અષાઢા ભૂતિ
13. અચંકારિભટ્ટા
14. વિષ્ણુકુમાર
15. કાલિકાચાર્ય
16. શ્રી પાદલિપ્તાચાર્ય
17. મહાત્મા આનંદઘનજી
18. શ્રીમદ્ દેવચંદ્રજી
19. જળમંદિર પાવાપુરી (કાવ્ય)
20. સાધર્મિકનાં સ્નેહ ઝરણાં

પાંચમી શ્રેણી

1. લલિતાંગ કુમાર
2. ચિલાતી પુત્ર
3. આભડ શાહ
4. સમરા શાહ
5. પવિત્ર જયસેના
6. ભક્ત દેવપાળ
7. કુમાર મંગળ કળશ
8. ઉત્તમ કુમાર
9. ચંપક શ્રેષ્ઠિ
10. અમરસેન વયરસેન
11. સાજણસિંહ
12. ચંપકમાળા
13. કેવળી જયાનંદ
14. સમરાદિત્ય
15. હંસરાજ વત્સરાજ
16. કવિ ધનપાળ
17. શ્રીકાંત શેઠ
18. મુનિ અર્હન્નક
19. વૃદ્ધા કુમાર
20. ઉત્તરાધ્યયનનાં અમૃત બિંદુ

:: બાળ ગ્રંથાવળી ::

પ્રથમ શ્રેણી

૧ શ્રી ઋષભદેવ
૨ નેમ-રાજુલ
૩ શ્રી પાર્શ્વનાથ
૪ પ્રભુ મહાવીર
૫ વીર ધન્નો
૬ મહાત્મા દૃઢપ્રહારી
૭ અભયકુમાર
૮ રાણી ચેલણા
૯ ચંદનબાળા
૧૦ ઇલાચીકુમાર
૧૧ જંબુસ્વામી
૧૨ અમરકુમાર
૧૩ શ્રીપાળ
૧૪ મહારાજા કુમારપાળ
૧૫ પેથડકુમાર
૧૬ વિમળશાહ
૧૭ વસ્તુપાળ-તેજપાળ
૧૮ ખેમો દેદરાણી
૧૯ જગડુશાહ
૨૦ ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ

બીજી શ્રેણી

૧ અર્જુનમાળી
૨ ચક્રવર્તી સનત્કુમાર
૩ ગણધર શ્રી ગૌતમસ્વામી
૪ ભરતબાહુબલિ
૫ આર્દ્રકુમાર
૬ મહારાજા શ્રેણિક
૭ વીર ભામાશાહ
૮ મહામંત્રી ઉદાયન
૯ મહાસતી અંજના
૧૦ રાજર્ષિ પ્રસન્નચંદ્ર
૧૧ મયણરેહા
૧૨ ચંદન મલયાગિરિ
૧૩ કાન કઠિયારો
૧૪ મુનિશ્રી હરિકેશ
૧૫ કપિલ મુનિ
૧૬ સેવામૂર્તિ નંદિષેણ
૧૭ શ્રી સ્થૂલિભદ્ર
૧૮ મહારાજા સંપ્રતિ
૧૯ પ્રભુ મહાવીરના દશ શ્રાવકો
૨૦ સ્વાધ્યાય

ત્રીજી શ્રેણી

૧ શ્રી ભદ્રબાહુ સ્વામી
૨ શ્રી હેમચંદ્રાચાર્ય
૩ શ્રી હરિભદ્રસૂરિ
૪ શ્રી સિદ્ધસેન દિવાકર
૫ શ્રી બપ્પભટ્ટ સૂરિ
૬ શ્રી હીરવિજય સૂરિ
૭ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી
૮ મહાસતી સીતા
૯ દ્રૌપદી
૧૦ નળ દમયંતી
૧૧ મૃગાવતી
૧૨ સતી નંદયંતી
૧૩ ધન્ય અહિંસા
૧૪ સત્યનો જય
૧૫ અસ્તેયનો મહિમા
૧૬ સાચો શણગાર-શીલ
૧૭ સુખની ચાવી યાને સંતોષ
૧૮ જૈન તીર્થોનો પરિચય ભા. ૧ લો
૧૯ જૈન તીર્થોનો પરિચય ભા. ૨ જો
૨૦ જૈન સાહિત્યની ડાયરી

દરેક સેટની કિંમત રૂ. દોઢ તથા વી. પી. પોસ્ટેજ છ આના.

બીજાં પુસ્તકો માટે સૂચિપત્ર મંગાવો—

ચિત્રકાર ધીરજલાલ ટોકરશી શાહ

રાયપુર હવેલીની પોળ : અમદાવાદ.